# પ્રાંતિજની કેમિકલ ફેક્ટરીમાં આગ : લાખોનું નુકશાન

પ્રાંતિજ, તા. ૭

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના કાટવાડ પાટીયા પાસે આવેલ એક કેમીકલની ફેક્ટરીમાં સોર્ટસર્કીટના કારણે આગ લાગતા જોતજોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં ભાગદોડ મચી જવા પામી હતી અને આગમાં મશીનરી સહિત કેમીકલ બળીને ખાખ થઈ જતાં લાખ્ખોનું નુકશાન થયું છે.

પ્રાંતિજના કાટવાડ પાસે આવેલ સીરામીકઝોનમાં આવેલ કેશર ઈમ્યુન લેશન પીવીટી એલડીટી કેમીકલ ફેક્ટરીમાં તા. ૬-૯-૨૦૧૫ને રવિવારના રોજ સાંજે ૭.૩૦ કલાકે અચાનક આગ લાગતા જોતજોતામાં આગે ઉગ્ર સ્વરૂપ ધારણ કરતાં હિંમતનગર ત્રણ ફાયર ફાયટર તથા પ્રાંતિજનું એક ફાયર ફાયટર તેમજ ડીઝાસ્ટર સ્ટાફ પણ તાબડતોડ ઘટના સ્થળે દોડી આવ્યો હતો ને આગને ત્રણ કલાકની મહેનત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

જ્યારે આગ એટલી બધી ભયંકર લાગી હતી કે મશીનરી સહિત કેમીકલ આગમાં સ્વાહા થઈ ગયું હતું. જિલ્લાતંત્ર તથા સ્થાનિકતંત્ર પણ સમાચાર મળતાં તાબડતોડ ઘટનાસ્થળે દોડી આવ્યું હતું અને વાયુવેગે સમાચાર પંથકમાં પ્રસરી જતાં લોકોના ટોળેટોળા ઉમટી પડ્યા હતા. જ્યારે આગના કારણે એક વ્યક્તિને ઈજાઓ થતા તેને તાત્કાલિક હિંમતનગર સિવિલ ખાતે ખસેડવામાં આવ્યો હતો અને કોઈ મોટી જાનહાની ના થતા તંત્રએ પણ હાસકારો લીધો હતો.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# ભિલોડાના નવા અને જુના ભવનાથના મેળામાં માનવ મહેરામણ ઉમટ્યું

ભિલોડા, તા.૭

અરવલ્લી જીલ્લાના ભિલોડાના નવાભવનાથ અને જુનાભવનાથના મેળામાં હૈયે-હૈયું ભીડાય તેટલી માનવ મેદનીના ઘોડાપુર ઉમટ્યા હતા. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ વર્ષોની પરંપરા અનુસાર પવિત્ર પાવન શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારના રોજ શ્રી અનિલભાઈ રાવલ, ભાઈશંકરભાઈ રાવલ, અમિતભાઈ રાવલ, સમીરભાઈ સુથાર સહિત સેવાભાવી કાર્યકરોએ નવા ભવનાથના મેળાને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

અરવલ્લી અને સાબરકાંઠા જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં શિવાલયોમાં પવિત્ર પાવન શ્રાવણ હતું.ભાતીગળ સંસ્કૃતિના દર્શન લોકમેળાઓમાં જોવા મળતા હોય છે. પર્વ, ઉત્સવો, મેળાઓ ભારતીય સંસ્કૃતિના પ્રતિકો છે. આ ઉજવણીથી આનંદ તો મળે સાથે-સાથે શરીરને ઉર્જા મળવાથી સ્ફુર્તી,જોમ આવે છે.પરીણામ સ્વરૂપ શારિરીક અને માનસિક થાક પણ મેળામાં મહાલવાથી ઉતરી જતો હોય



ભુવનેશ્વર મહાદેવ મંદીરમાં દર્શનાર્થે ભાવિક ભક્તોના ઘોડાપુર ઉમટ્યા હતા.શિવજીના મંદોરોમાં ભાવિક ભક્તોએ દર્શન કરી ધન્યતા અનુભવી હતી. હાથમતી જલાગાર, ઈન્દ્રાસી જલાગારની વચ્ચે આવેલા શ્રી સ્વયંભુ ભુવનેશ્વર મહાદેવ મંદીર જુનાભવનાથ પટ્ટાંગણમાં ભાવિક ભક્તોના ઘોડાપુર દર્શનાર્થે ઉમટ્યા હતા. નવા ભવનાથ શ્રી ભુવનેશ્વર મહાદેવ ટ્રસ્ટ ટ્રસ્ટી વસંતલાલ રાવલ, ચંદ્રવદનભાઈ રાવલ, જયેશભાઈ રાવલ, માસના છેલ્લા સોમવારે વહેલી પરોઢથી ઠેર-ઠેર શિવાલયોમાં ભક્તો શિવ મંદીરમાં આરતીમાં ભાગ લઈ બીલીપત્ર, દુધ ચઢાવી ભોળા શંકર ભગવાન શિવ આષુતોષના આશિર્વાદ મેળવવા કતારો લાગી હતી.શિવાલયોમાં ૐ નમઃ શિવાય, બમબમ ભોલે, હર હર મહાદેવના નાદ ગુંજતા હતા.

ભાતિગળ સંસ્કૃતિમાં લોકમેળાનું પવિત્ર પાવન શ્રાવણ માસના છેલ્લા સોમવારનું વિશેષ મહત્વ જોવા મળ્યું છે. ભિલોડામાં નવા ભવનાથ અને જુના ભવનાથના મેળામાં ભાવિક ભક્તો મોટી સંખ્યામાં ઉમટ્યા હતા. હૈયે-હૈયું ભીડાય તેવી માનવ મેદનીના ભિલોડાના હાર્દસમા માર્ગો ઉપર ઠેર-ઠેર કીડીયારા ઉભરાયા હતા.ભિલોડામાં નવા ભવનાથ અને જુના ભવનાથના મેળા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ભિલોડા સી.પી.આઈ., પી. એસ. આઈ. ધ્વારા ઠેર-ઠેર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો.

(તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા)

# મોડાસાના વાંટડા ગામે ૧.૭૦ લાખનો વિદેશી દારૂ ઝડપાયો : બે આરોપી જેલ હવાલે

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે પોલીસ મહાનિરીક્ષક ગાંધીનગરની સૂચના અન્વયે અરવલ્લી જિલ્લામાં શાંતિ અને કાયદો વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અને અરવલ્લી જિલ્લામાં વિદેશી દારૂનો ગેરકાયદેસર વેપલો કરતા અને અરવલ્લી જિલ્લાની આંતર રાજ્ય સરહદ પરથી ગુજરાત રાજ્યમાં ગેરકાયદેસર વગર પાસ પરમિટનો વિદેશી દારૂ ઘુસાડતા બૂટલેગરોને ઝડપી પાડવા અરવલ્લી જિલ્લા એલસીબી ટીમ દ્વારા મોડાસાના વાંટજા ગામની સીમમાંથી ઈન્ડીગો કારમાંથી ૧,૭૦,૪૦૦નો વિદેશી દારૂ-બે આરોપીઓને ઝડપી પાડી પ્રોહિબેશન એક્ટ હેઠળ કાર્યવાહિ હાથ ધરી હતી.

અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.કે. પટેલને આજે ઈન્ડીગો કારમાં ગેરકાયદેસર વિદેશી દારૂ ઘુસાડવાની બાતમી મળતા ટીમ દ્વારા વાંટડા ગામની સીમમાં સઘન ચેકિંગ હાથ ધરી રાજસ્થાન તરફથી આવતા વાહનોની તપાસ હાથ ધરતાં પૂરઝડપે આવી રહેલી ટાટા ઈન્ડીગા કાર (નં. જીજે૨૭ કે ૧૯૭૫ને અટકાવી તલાશી લેતા કારમાંથી વિદેશી દારૂ અને બિયરની જુદી જુદી બ્રાન્ડની પેટા નંગ ૩૧ તથા ગાડીમાં છુટ્ટી પડેલી બોટલો, ટીન નંગ ૧૨૭૮ જેની કિંમત રૂ. ૧૭,૪૦૦ સહિત ઈન્ડીગો કાર કિંમત રૂ. ૩,૫૦૦૦૦, રોકડા ૨૫૦૦ રૂ. અને મોબાઈલ નંગ-૨, રૂ. ૪૦૦૦ મળી કુલ ૫,૨૬,૯૦૦નો મુદ્દામાલ જપ્ત કરી ઈન્ડીગો કારનો ચાલક પ્રશાન્ત હેમેન્દ્રભાઈ પટેલ (રહે. સરદારકુંજ સોસાયટી, શાહપુર બહાઈ સેન્ટર અમદાવાદ મૂળ રહે. બાંધણી તા. આણંદ અને અજરૂદીન કુતુબુદ્દીન શેખ (ગોમતીપુર, મરીયમબીબીની ચાલી, સેન્ટમેરી દવાખાના પાછળ, અમદાવાદ) બન્ને આરોપીઓની ધરપકડ કરી અરવલ્લી જિલ્લા એલસીબી પોલીસે પ્રોહિબેશન એક્ટ હેઠળ ગુનો નોંધી જેલના સળીયા પાછળ ધકેલી દઈ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

## ઊંઝામાં પાટીદાર અનામતના સમર્થનમાં ધારાસભ્ય નારણભાઈ પટેલ ધરણા પર બેઠા

ઊંઝા, તા. ૭

તાજેતરમાં અમદાવાદ ખાતે યોજાયેલ પાટીદાર અનામત આંદોલનની રેલી બાદ ઊંઝા શહેરમાં ફાટી નીકળેલ તોફાનો અંગે સ્થાનિક પોલીસમથકે ગુનાઓ નોંધાયા છે. આવા ગુનાઓમાં કથિત નિર્દોષ વ્યક્તિઓની સંડોવણી તેમજ પોલીસ દમનના વિરોધમાં આજે ઊંઝાના ભાજપના ધારાસભ્ય નારાયણભાઈ પટેલે ગાંધીચોક વિસ્તારમાં ધરણાનો કાર્યક્રમ યોજતાં માહોલ ગરમાયો હતો. ધરણાના કાર્યક્રમમાં ધારાસભ્યની સાથે વેપારીઓ અન્ય કેટલાક વ્યક્તિઓ પણ જોડાયા હતા તેવું જાણવા મળેલ છે.

## ડીસાના પ્રગતિ લોહાણા યુવક મંડળના હોદ્દેદારોની વરણી

ડીસા, તા. ૭

ડીસા ખાતે પ્રગતિ લોહાણા યુવક મંડળના હોદ્દેદારોની તાજેતરમાં વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે અતુલકુમાર શાંતિલાલ અખાણી, ઉપપ્રમુખ તરીકે આનંદકુમાર પ્રાણલાલ ઠક્કર, મંત્રી તરીકે રજનીભાઈ ચંદ્રકાન્તભાઈ ઠક્કર તેમજ ખજાનચી તરીકે ભાવેશભાઈ બચુભાઈ ઠક્કરની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી. સર્વેની સર્વાનુમતે વરણી થતાં દેશી લોહાણા સમાજમાં ખુશીની લાગણી વ્યાપી હતી તેમજ સર્વેના સમાજે વધાવી અને સારા સમાજિક કાર્યો માટે પ્રેરણાઓ અને શુભેચ્છાઓ પાઠવી હતી.

## સલાલમાં પ્રાયમસ ફાટતા દાઝી ગયેલી યુવતીનું મોત

હિંમતનગર, તા. ૭

-ાંતિજ તાલુકાના સલાલ ગામે રહેતા રેખાબેન નટવરજી પરમાર (ઉ.વ.૩૨) ગત તા.૨૦ ઓગષ્ટના રોજ પોતાના ઘરે -ાયમસ સળગાવતા હતા ત્યારે અચાનક દાઝી જતા તેણીને સારવાર માટે હિંમતનગર સિવિલમાં ખસેડાયા હતા. જયાં રેખાબેન પરમારનું તા.૪ સપ્ટેમ્બરે મોત નિપજયુ હતું. જે અંગે -ાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ધનસુરામાં શિક્ષક દ્વારા ત્રણને જાનથી મારી નાખવાની ધમકી

### ધનસુરા તાલુકાના નવાનગરમાં શિક્ષક દ્વારા તલવાર ઉઠાવી આડેધડ વીંઝતા ત્રણને ઈજા

ધનસુરા, તા. ૭

શંકા - કુશંકા નાં વમળમાં ફસાયેલા અર્ધશિક્ષિત અને અભણ લોકો ગુસ્સામાં ભરાઈ જઈ મારઝૂડ કે ખૂણા મરકી કરી બેસે છે તેવા બનાવો સમાજમાં ક્યારેક - ક્યારેક જોવા મળેછે પણ જયારે શાંતિ ની મૂર્ત કરી શકાય તેવા શિક્ષક તલવાર નાં ઘા ઝીંકી હત્યા નો રયાસ કરે તેવો બનાવ બને ત્યારે વર્તમાન સમય મા લોકોની માનસિકતા કેટલી છે તે જણાઈ આવેછે. આ -કારનો એક બનાવ અરવલ્લીનાં ધનસુરા તાલુકાનાં આકરુન્દ ગામે બન્યો હતો .

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના આકરુન્દ ગામની સીમમાં આવેલા નવાનગર તરીકે ઓળખાતા પેટાપરા મા આવેલા સિકોતર માતાજીના મંદિર નજીક રાત્રે ગામનાજ ઠાકોર સમાજનાં લોકો સામાજિક મીટીંગ ભરીને બેઠા હતા ત્યારે આ મંદિરના પુજારી તરીકે નીમેલા આકરુન્દ ગામના દેવેન્દ્રભારતી ઉર્ફે મુકેશભારતી ગોસ્વામી એ બેઠેલા ઠાકોર સમાજના ટોળાને પડકાર ફેક્યો હતો અને આ ટોળું મંદિરનો વહીવટ લઈ લેવા માંગેછે તેવો વહેમ રાખી હાથમાં તલવાર લઈ ટોળા સામે તલવાર વીંઝવા માંડી હતી. તલવાર નાં ઘા એક પછી એક ત્રણ વ્યક્તિઓ ને મારી લોહીલુહાણ કરીનાખ્યા બાદ ઠાકોર સમાજના કેટલાક સાહસિક યુવાનોએ દેવેન્દ્રભારતી નાં હાથમાંથી તલવાર જુટવી લીધી હતી . આ બનાવ અંગે ગ્રામજનો એ ધનસુરા પોલીસમાં ફરિયાદ નોધાવી હતી.

નવાનગર મા આવેલા સીકોતારમાતાજીના મંદિરના વહીવટદાર તરીકે કાર્યભાર સંભાળતા દેવેન્દ્રભારથી ધનસુરા તાલુકાના દેવપુરા -ાથમિકશાળા શિક્ષક તરીકે ફરજ બજાવે છે ત્યારે તેઓએ તલવારના ઘા ઝીંકી ત્રણ વ્યક્તિઓ ને ઈજાઓ પહોચાડતા ઘાયલોને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાછે.જયારે પોલીસે હત્યાનો -યાસ કરનારા શિક્ષક ને ઝડપીલઈ જેલ હવાલે કરી દઈ કાઈદેસર કાર્યવાહી હાથ ધરી છે.

આકરુન્દ નજીકના નવાનગર સિકોતર માતાજી મંદિર નો વહીવટ સંભાળતા વ્યવસાયે શિક્ષક એવા દેવેન્દ્રભારતી એ ત્રણ વ્યક્તિ ઓ ની હત્યા માત્ર વહીવટ લઈ લેવાશે તેવી આશંકા વચ્ચે કરી કાયદો હાથમાં લેતા હાલમાં ત્રણ વ્યક્તિઓ લોહીલુહાણ હાલતમાં દવાખાના નાં બિછાને પડ્યા છે ત્યારે શિક્ષકના આવા કૃત્ય થી સમગ્ર વિસ્તારે મા ચકચાર મચી ગઈ છે.



(જીતેન્દ્ર પટેલ, ધનસુરા)



**ખેડબ્રહ્માની એકલવ્ય ગર્લ્સ સ્કૂલનું ગૌરવ**

ખેડબ્રહ્માની એકલવ્ય ગર્લ્સ રેસીડેન્શિયલ સ્કૂલિની અન્ડર-૧૪ની વોલીબોલ સ્પર્ધામાં ચાર વિદ્યાર્થિનીઓ રાજ્ય કક્ષાની ટીમમાં પસંદગી પામી શાળાનું ગૌરવ વધરાવ્યું છે. અન્ડર-૧૪ની વોલીબોલની જિલ્લા કક્ષાની સ્પર્ધા નેત્રામલી ખાતે યોજાઈ હતી. જેમાં એકલવ્ય સ્કૂલની વોલીબોલની ટીમ બીજા નંબરે આવી હતી. મોરબી ખાતે યોજાનારી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ચાર વિદ્યાર્થિનીઓ પસંદ થતાં સ્કૂલના સંચાલકોએ સ્પર્ધકોને બીરદાવ્યા હતા.

(તસવીર : રમેશ વૈષ્ણવ, ખેડબ્રહ્મા)

## મોયદની યુવતી ગુમ થતાં ફરિયાદ

હિંમતનગર, તા. ૭

-ાંતિજ તાલુકાના મોયદવાસ રૂપાજીમાં રહેતા પુનમબેન જગાભાઈ પટેલ (ઉ.વ.૨૦) શુક્રવારે સલાલથી સ્કૂટી નં.જીજે.૯.સીસી.૬૫૫૪ પર બેસી મોયદ જવા નીકળ્યા હતા.

પરંતુ ઘરે ન પહોંચતા પરિવારજનોએ તેણીની શોધખોળ કરવા છતાં કોઈ પત્તો મળ્યો ન હતો. જેથી પરિવારજનો દ્વારા રવિવારે યુવતી ગુમ થયાની ફરિયાદ -ાંતિજ પોલીસ સ્ટેશનમાં નોંધાવાઈ હતી.

## હિંમતનગરમાંથી ૩.૫૦ લાખની બોલેરો ચોરાઈ

હિંમતનગર, તા. ૭

હિંમતનગરના લીંબચ માતાના મંદિર પાછળ રહેતા નારાયણભાઈ લક્ષ્મણભાઈ પુરોહિતના ઘર આગળ પાર્ક કરેલ બોલેરો નં.જીજે.૦૯.એવી.૦૧૦૦ ની શનિવારે અજાણ્યા શખ્સો ચોરી કરી લઈ ગયા હતા.

જે અંગે નારાયણભાઈ પુરોહિતે તપાસ કરવા છતાં કોઈ પત્તો ન મળતા તેમણે એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.

# હિંમતનગરમાં બે સ્થળેથી વાહનમાં ગેરકાયદે ભરી લઈ જવાતા ૨૧ પશુને બચાવાયા

હિંમતનગર, તા. ૭

હિંમતનગરના મોતીપુરા સર્કલ અને સહકારીજીન ચાર રસ્તા પાસેથી રવિવારે રાત્રે એ-ડીવીઝન પોલીસે પાસ પરમીટ વગર વાહનમાં ગેરકાયદે ભરી લઈ જવાતા ૨૧ પશુઓને બચાવી લઈ ઈડર પાંજરાપોળમાં મોકલી આપ્યા હતા. ત્યારબાદ ચાર શખ્સોની અટકાયત કરી તેમની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગેની વિગત એવી છે કે રવિવારે રાત્રે મોતીપુરા સર્કલ પાસેથી જીપ નં.જીજે.૯. એવી. ૨૪૮૪ ને પોલીસે ઉભી રાખી તેમાં તપાસ કરતા આઠ પશુ પાસ પરમીટ વગર લઈ જવાતા હોવાનું જણાયુ હતું. જેથી એ.એસ.આઈ. જયંતિભાઈ ભુલાભાઈએ રૂા.૫૧ હજારનો મુદ્દામાલ કબજે લઈ મોડાસાના રાણાસૈયદ વિસ્તારમાં રહેતા ફરીદભાઈ ગુલામભાઈ મુલતાની અને શકીલભાઈ શેરુભાઈ મુલતાનીની અટકાયત કરી હતી.

તેજ -માણે સહકારીજીન ચાર રસ્તા પાસેથી રવિવારે રાત્રે પીકઅપ ડાલા નં.જીજે.૭. એકસ. એકસ. ૧૦૬ રૂા.૪૦ હજારના પાંચ પશુ ભરીને લઈ જતા મોડાસાના જ શોકતભાઈ કાદરભાઈ મુલતાની અને કમરૂદ્દી માનસા મુલતાનીની પુછપરછ કરી હતી. પરંતુ કોઈ સંતોષકારક જવાબ ન અપાતા એ-ડીવીઝન પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. મનહરભાઈ મણીલાલે બંને જણા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી રૂા.૨.૪૦ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો.

# અરવલ્લી જિલ્લામાં વિજવાયરો ચોરતી ગેંગ સક્રિય

### મોડાસાના નાની ઈસરોલ ગામની સીમમાંથી થ્રીફેઈઝ વિજવાયર પુરો પાડતા વાયરોની તફડંચી

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર આવેલ નાની ઈસરોલ ગામના સીમાડામાં ભૂમિપુત્રોની જરૂરીયાત અને ખેતપેદાશમાં ઉપયોગી સિંચાઈ માટે કૃષિપૂરવઠો પુરો પાડતા વિજલાઈનોના થાંભલાના તારની અને ખેડૂતોના મોટરપંપના કેબલ વાયરોની ચોરી થતા યુજીવીસીએલ ટીંટોઈ ગામની ઈજનેર સાથે ટીમ દોડી આવી મોડાસા રૂરલ પોલીસસ્ટેશને કેબલચોરો સામે ફરીયાદ નોંધાવવા તજવીજ હાથ ધરી હતી.

મોડાસા-શામળાજી રાજ્ય ધોરીમાર્ગ પર નાની ઈસરોલ ગામના સીમાડામાં દિવસના સમયે કૃષિ વિજપુરવઠો આવતો હોઈ ઈલે. મોટરો ચાલુ કરવા જતા ખેડૂત ભીખાભાઈ પટેલ અને નરસીંહભાઈ જી. પટેલ (મોટી ઈસરોલ)ની ઈલે. મોટરો ચાલુ ન થતા આ વિસ્તારના ખેડૂતોને વિજપુરવઠો પુરો પાડતી ૬ વિજપોલ ઉપરની વીજલાઈનના તાર તેમજ ઈલે. મોટરના સર્વિસ કેબલની ચોરી થયાનું જણાતા આ બન્ને ખેડૂતોએ તાબડતોડ આ ઘટના અંગે યુજીવીસીએલના ટીંટોઈ ખાતેના સબડિવિઝનમાં જાણ કરતાં નાયબ ઈજનેર દિપક વહોનિયા અને આર.બી. ખરાડી સહિતની ટીમ સ્થળ પર દોડી આવી તપાસ હાથ ધરતાં ૬ વિજપોલ ઉપરના વાયરો ૨૦૦ મીટર લીંબોઈ ધરાવતા અને ૨ વિજપોલ જમીનદોસ્ત કરી વિજતાર સાથે કેબલ વાયર સહિત ૨૦ થી ૨૫ હજાર વિજતારની ચોરી થયાનું જણાવ્યું હતું. યુજીવીસીએલ ટીંટોઈ દ્વારા મોડાસા રૂરલ પોલીસને જાણ કરાતં મોડાસા રૂરલ પોલીસે વિજવાયરની ચોરીની ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી છે.



(તસવીર : જય અમીન, મોડાસા)